

# હંસ (Greylag Goose)

પંખીલોક

★ પ્રવીણ સરવૈયા

આપણે ત્યાં ગાજહંસ તરીકે ઓળખાતા હંસ વર્ગનાં પંખી મૂળ તો ભટકતાં યાત્રાળુ પક્ષી છે. શિયાળાની કડકડતી ઠંડીમાં યુરોપ અને એશિયાના ધ્રુવ પ્રદેશોમાંથી તેઓ દક્ષિણ તરફ આવે છે. ગાજહંસ અને રાજહંસ ઉપરાંત મોટો અને નાનો શ્વેતભાલ હંસ અને હિમહંસ પણ ગુજરાતમાં નોંધાયેલ છે.

સ્વાનકુળનાં પંખીઓમાં ગાજહંસ આપણા દેશનું પંખી છે. ગાજહંસ બતકને મળતો આવે છે, એથી બતક પણ હંસકુળનું પંખી ગણાય છે. આપણે જે લાંબી વળેલી ડોકવાળા હંસોની આકૃતિઓ જોઈએ છીએ, એ મોટા ભાગે રાજહંસો છે. ગાજહંસ અને બતકમાં બહુ લાંબો ફેર નથી.

**આપણી માન્યતા છે કે હંસ મોતીનો ચારો ચરે છે, પણ એ વાત બરાબર નથી. વળી તે દૂધ અને પાણી અલગ તારવી જાણે છે એ વાત પણ ખોટી છે. આપણે લગભગ પક્ષીઓ વિશે ઘણું ઓછું જાણીએ છીએ. શહેરી જીવનમાં આપણે પક્ષીઓનો સંપર્ક ગુમાવી બેઠા છીએ**



ગાજહંસનો રંગ મેલો બદામી ધોળો અને ચાંચ જેવા ગુલાબી રંગની હોય છે. ગાજહંસ વનસ્પતિવાળા તળાવો અને સરોવરોમાં વસવાટ કરે છે. જ્યારે રાજહંસની ચાંચ પીળી હોય છે. તેના આખા ધોળા શરીરમાં માથાની પાછળ તરત નજરે ચડે એવા બે કાળા પટ્ટા છે, જે રાજહંસની ઓળખ છે. માથા પરના કાળા પટ્ટાથી એ પટાયત માથાવાળા હંસ તરીકે પણ ઓળખાય છે.

ગાજહંસ નદી કે તળાવ પર રહે છે. એ મોટા ભાગે ચારો ચરવા વહેલી સવારે, સાંજના ટાણે કે રાતે નીકળે છે. આ હંસો ટોળીમાં રહે છે. દિવસના તાપમાં તેઓ નદીની રેતીમાં આરામ કરે છે. સાંજના ટાણે તેઓ મોટા ટોળામાં પોતાના ચરિયાણ તરફ જતા જોવા મળે છે. તેઓ આકાશમાં વ્યવસ્થિત આકારે ઊડે છે. તે ખેતરની જીવાતોને પણ ખાય છે. ખેતરમાં એ ચાલતાં-ચાલતાં જાય છે. પાણીમાં તે માથું ડૂબાવીને ખોરાક મેળવે છે ત્યારે તેનું આખું શરીર પાણીમાં ડૂબી જાય છે અને માત્ર પૂંછડી જ પાણીની બહાર દેખાય છે.

આપણી માન્યતા છે કે હંસ મોતીનો ચારો ચરે છે, પણ એ વાત બરાબર નથી. વળી તે દૂધ અને પાણી અલગ તારવી જાણે છે એ વાત પણ ખોટી છે. આપણે લગભગ પક્ષીઓ વિશે ઘણું ઓછું જાણીએ છીએ. શહેરી જીવનમાં આપણે પક્ષીઓનો સંપર્ક ગુમાવી બેઠા છીએ. આથી મોર, ચકલી, કાગડો, કાબર, સમડી, કબૂતર, પોપટ જેવાં ડઝનેક પંખીઓ કરતાં વધુ પંખીઓને જાણતા નથી. બધા પ્રકારના હંસોનો ખોરાક કાદવવાળા પાણીની જલજ વનસ્પતિનાં બીજ, જીવડાં, લીલા અંકુરો, દાણા વગેરે છે.

શિકારીઓ હંસને સપડાવીને તેનો શિકાર કરે છે, પણ એ ઘણું સાવચેત પંખી છે. જોકે હંસોને માણસો પર વિશ્વાસ બેસે તો એ માનવવસતિમાં ભળી જાય છે. તિબેટ જેવા પ્રદેશોમાં ગાયો ચરાવતા ભરવાડો કે વણજારાઓના મુકામ પાસે તેઓ નિશ્ચિત રીતે ટહેલતા હોય છે.

હંસ નિર્જન વિસ્તારનાં તળાવો-સરોવરોનાં કાંઠે પ્રજનન કરતા હોય છે, નહીં તો કાશ્મીરનો લદાખ પ્રદેશ એમનું પ્રજનન સ્થળ બને છે. એ સરોવરનાં કાંઠે ખાડો કરી, તેમાં પીંછાની મુલાયમ ગાદી બનાવીને માળો બનાવે છે. તેમાં હાથી દાંત જેવાં ધોળાં ત્રણથી ચાર ઈંડાં મૂકે છે.



હંસ એકધારું અને લાંબું ઉડ્ડયન કરે છે. અને જાતજાતના સૂર બદલતા અવાજો કરતાં જાય છે. હંસ રમણીય, ઠસ્સાદાર પંખી છે. પંખી જગતમાં હંસો ઘણું ઊંચું સ્થાન ભોગવે છે.

## વોયજર યાનને સૌરમંડળ

અનુસંધાન પાના ૧૧નું

આ પ્રકારના ઊર્જાવાન વિસ્તારોમાંથી પસાર થવું પડશે. તે માટે યાનની ડિઝાઇન, શીલ્ડિંગ અને ઇલેક્ટ્રોનિક સિસ્ટમ્સને ખાસ રીતે તૈયાર કરવી પડશે. વોયજર આ દિશામાં એક પાથ ફાઈન્ડર સાબિત થયો છે.

અહીં એક ભાવનાત્મક પાસું પણ છે. વોયજર યાનો માત્ર વૈજ્ઞાનિક યંત્રો નથી; તે માનવજાતની જિજ્ઞાસાનું પ્રતિક છે. આજે જ્યારે વોયજર-1 ધરતીથી લગભગ 24 અબજ કિલોમીટર દૂર છે, ત્યારે પણ તે આપણને માહિતી મોકલી રહ્યો છે. તેનો પાવર ધીમે ધીમે ઘટી રહ્યો છે, પરંતુ દરેક બિટ ડેટા અમૂલ્ય છે. એવું લાગે છે કે વોયજર આપણને કહે છે કે "હજી પણ ઘણું જાણવાનું બાકી છે." આ શોધ આપણને આપણા સ્થાન વિશે વિચારવા મજબૂર કરે છે. ધરતી, સૂર્ય, સૌરમંડળ આ બધું એક વિશાળ ગેલેક્સીમાં એક નાનકડો ખૂણો છે અને એ ગેલેક્સી પણ અબજો ગેલેક્સીમાંની એક છે. સૌરમંડળની સીમાએ આવેલી આ ઊર્જાવાન દિવાલ એ સંકેત આપે છે કે બ્રહ્માંડમાં સરહદો સ્થિર નથી; તે સતત બદલાય છે, ધબકે છે અને વિકસે છે. વોયજરના ડેટાએ એ પણ દર્શાવ્યું છે કે હેલિયોપોઝ પાર કર્યા પછી ગેલેક્ટિક કોસ્મિક રેની તીવ્રતા નોંધપાત્ર રીતે વધી જાય છે, જ્યારે સોલર ઓરિજિન કણો ઘટી જાય છે. આ સ્પષ્ટ પરિવર્તન હેલિયોપોઝને એક વાસ્તવિક ભૌતિક સરહદ તરીકે સ્થાપિત કરે છે, પરંતુ તે સરહદ સ્થિર નહીં, પરંતુ સૂર્યની પ્રવૃત્તિ અનુસાર "શ્વાસ લેતી" હોય તેવું લાગે છે.

અંતે એવું કહી શકાય કે સૌરમંડળની સીમાએ મળેલી આ 50,000 કેલ્વિનની "અદૃશ્ય દિવાલ" કોઈ ભયજનક અવરોધ નથી, પરંતુ જ્ઞાન તરફ ખુલતું એક દ્વાર છે. તે આપણને યાદ અપાવે છે કે બ્રહ્માંડ રહસ્યોથી ભરેલું છે અને માનવજાતની જિજ્ઞાસા તેને સમજવાની ક્ષમતા ધરાવે છે. વોયજર યાનો આજે પણ અવકાશમાં આગળ વધતા રહે છે અને કદાચ આવનારા વર્ષોમાં તે આપણને બ્રહ્માંડની વધુ અજાણી વાર્તાઓ સંભળાવશે.